**<u>આંક–૨૦ ની અરજી લગત હુકમ</u>**

(૧) આ અરજી અરજદાર તરફે તેઓ ના વિધ્વાન વકીલશ્રી દ્વારા અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે,સામાવાાળ નં.૧ થી ૩ ને તમામ મુદતે કોર્ટ માં હાજર રાખવાની અરજ સાથે આપવા માં આવેલ છે.અરજી અન્વયે અરજદાર તેમજ સામાવાળાઓ તરફે ની દલીલો સાંભળી. અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એ આંક–૪૨ થી લેખીત દલીલો રજુ રાખેલ છે.આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) અરજદાર તરફે હાલ ની અરજી ધી પ્રોટકેશન ઓફ વુમેન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની જોગવાઇઓ મુજબ દાખલ કરેલ છે. આ અરજી સંર્દભે અરજદાર તરફે તેઓ ની અરજી માં પેરા–૫ માં સમાધાન ની શકયતાઓ ચકાસવા માટે હાજરી જરૂરી હોવા નુ જણાવેલ છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે,સામાવાળા નં.૧ આ કેસ ની કાર્યવાહી માં મહદઅંશે હાજર રહેતા હોવા ની હકીકત રેકર્ડ પર થી સ્પષ્ટ થાય છે અને સામાવાળા નં.૨ અને ૩ વતી તેઓ ના વકીલશ્રી હાજર રહે છે. આ ઉપરાંત રેકર્ડ મુજબ,આ કેસ સમાધાન માટે મીડીયેશન માં રીફર કરવા માં આવેલ હતો પરંતુ સમાધાન શકય બનેલ નથી. આ ઉપરાંત આ કેસ કવોસી સીવીલ અને કવોસી ક્રીમીનલ પ્રકાર નો છે. આ સંજોગો માં સામાવાળા ને હાજર રહેવુ ફરજીયાત નથી સિવાય કે કેસ ના સંજોગો અન્વયે જરૂરી હોય. હાલ આ કેસ અરજદાર ના પુરાવા માટે છે અને અરજદાર તરફે આંક–૯ થી સરતપાસ રજુ થઇ ગયેલ છે અને ત્યારબાદ હાલ ની તેમજ અન્ય અરજીઓ રજુ થતા,આ કેસ અરજદાર ની ઉલટતપાસ માટે બાકી રહેલ છે.આ સંજોગો હાલ ની અરજી કાયદાકીય જોગવાઇઓ મુજબ ટકવાપાત્ર રહેતી નથી તેમ ઠરાવવામાં આવે છે.આ અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી,આ કેસ ની મુળ ફરીયાદ માં હાલની અરજી માં જણાવેલ હકીકતો અંગે ની કોઇ હકીકત જણાવેલ ના હોય,હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી
અમદાવાદ
Code : GJ00956